### અમદાવાદમાં રાહુલ ગાંધીનું પક્ષના કાર્યકરોને સંબોધન

# ખેડૂતોના ત્રણ લાખ સુધીનાં દેવા માફીનું રાહુલનું વચન

## કોરોનામાં મોતને ભેટેલા લોકોના પરિવારજનોને ચાર લાખની સહાય, મફત વીજળી, ૩૦૦૦ બેકારી ભથ્થું મળશે

અમદાવાદ, તા.૫

હાલ ગુજરાતમાં ચૂંટણીની મોસમ ચાલી રહી છે ત્યારે આમ આદમી પાર્ટીએ ફ્રી વીજળી, બેરોજગારી ભથ્થા સહિતની જાહેરાતો કરી લોકોને વિચારતા કરી મુક્યા છે, ત્યારે કોંગ્રેસ પણ જાણે આ રેસમાં પાછળ રહી ગઈ હોય તેમ રાહુલ ગાંધી પણ આજે અમદાવાદ આવી વચનોની લ્હાણી કરી ગયા. જોકે, તેમાં સૌથી વધુ ધ્યાન કોરોનામાં મોતને ભેટેલા લોકોના પરિવારજનોને ચાર લાખ રુપિયાની સહાય આપવાના વચને ખેંચ્યું છે. રાહુલ ગાંધીએ આજે રિવરફ્રંટ પરથી પક્ષના કાર્યકરોને સંબોધતા જાહેરાત કરી કે જો ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બની તો કોરોનામાં મોતને ભેટેલા દરેક મૃતકના પરિવારજનને ચાર લાખ રુપિયાનું વળતર મળશે. ત્યારબાદ તેમણે પોતે જ દાવો કર્યો કે ગુજરાતમાં ત્રણ લાખ લોકો કોરોનામાં મોતને ભેટ્યા છે. આ હિસાબે જોવા જઈએ તો જો ત્રણ લાખ પરિવારોને ચાર લાખ રુપિયા આપવામાં આવે તો આ આંકડો ૧૨,૦૦૦ કરોડ રુપિયાને આંબી જાય છે. ગુજરાત સરકારે કોરોનાના એક લાખ જેટલા મૃતકોના પરિવારજનોને ૫૦,૦૦૦ રુપિયાનું વળતર આપ્યું છે. જોકે, નવાઈની વાત એ છે કે, જે મહેસૂલ વિભાગ દ્વારા આ વળતર ચૂકવવાની કામગીરી કરવામાં આવી છે તેને ૨૦૨૨-૨૩ના બજેટમાં ૪,૩૯૪ કરોડ રુપિયા ફાળવાયા છે જ્યારે રાહુલ ગાંધીએ જેટલું વળતર આપવાની વાત કરી છે તે આંકડો મહેસૂલ વિભાગના બજેટ એલોકેશનથી ત્રણ ગણો વધારે છે.

કોરોનાકાળમાં કોંગ્રેસે ઘેર-ઘેર ફર્યા બાદ મૃતકોનો ત્રણ લાખ જેટલો હોવાની જાહેરાત કરી હતી. સામે પક્ષે રાજ્ય સરકારનો સત્તાવાર આંકડો દસ હજારની આસપાસ હતો. જોકે, એ વાત અલગ છે કે કોરોનામાં ૧૦ હજાર જેટલા મોત થયા હોવાના દાવા કરતી ગુજરાત સરકારે એકાદ લાખ જેટલા મૃતકના પરિવારજનોને વળતર ચૂકવી આપ્યું છે, જે રકમ ૫૦૦ કરોડની આસપાસ થાય છે. ગુજરાત સરકારે ૦૩ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ સુપ્રીમ કોર્ટમાં કરેલી એફિડેવિટમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ૧૦,૫૭૯ના સત્તાવાર કોરોના મૃત્યુઆંકની સામે વળતર માટે ૧,૦૨,૨૩૦ જેટલા દાવા થયા છે, જેમાંથી ૮૭,૦૪૫ મંજૂર કરી દેવાયા છે.

કોરોનાના મૃતકોને ચાર લાખના વળતર ઉપરાંત રાહુલ ગાંધીએ ખેડૂતોના ત્રણ લાખ રુપિયા સુધીના દેવા માફ કરવાની પણ વાત કરી છે. જોકે, આ જાહેરાતનો કેટલા ખેડૂતોને લાભ મળી શકે તેનો કોઈ ચોક્કસ આંકડો નથી. આ સિવાય તેમણે ખેડૂતોને ફ્રી વીજળી તેમજ સામાન્ય વપરાશકારોને ૩૦૦ યુનિટ સુધી ફ્રી વીજળી આપવાનું પણ વચન આપ્યું છે. રાહુલ ગાંધીએ ૧૦ લાખ નોકરીઓ સર્જવાનું કહેતા બેરોજગારોને મહિને ૩,૦૦૦ રુપિયા ભથ્થું આપવાની વાત કરી છે, ગુજરાતમાં કેટલા બેરોજગાર છે તેનો ચોક્કસ આંકડો ઉપલબ્ધ નથી, પરંતુ જો ભથ્થું લેવાની વાત આવે તો તેના દાવેદારોનો આંકડો પણ લાખોમાં પહોંચી શકે છે.

### રાહુલ ગાંધીના આઠ વચનો

૧. દરેક ગુજરાતીને ૧૦ લાખ રુપિયા સુધીની મેડિકલ ટ્રીટમેન્ટ સરકાર પુરી પાડશે, દવાઓ મફતમાં અપાશે.
૨. ચાર લાખ રુપિયાનું કોવિડ વળતર, ગુજરાતના તે ત્રણ લાખ પરિવારોને આપવામાં આવશે જેમણે પોતાના લોકોને કોરોનામાં ગુમાવ્યા છે.
૩. ખેડૂતોનું ત્રણ લાખ સુધીનું દેવું માફ કરાશે, તેમના વીજળી બિલ પણ માફ કરવામાં આવશે, સામાન્ય લોકોને ૩૦૦ યુનિટ વીજળી ફ્રી
૪. યુવાનો માટે ૧૦ લાખ નોકરીઓ, જેમાં ૫૦ ટકા મહિલાઓ માટે આરક્ષિત
૫. ગુજરાતમાં સરકારી નોકરીઓમાં કોન્ટ્રાક્ટ સિસ્ટમ સમાપ્ત કરી દેવાશે, બેરોજગારોને મહિને ૩,૦૦૦ રુપિયાનું ભથ્થું
૬. રાજ્યમાં ૩,૦૦૦ સરકારી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખોલાશે, કન્યાઓને કેજીથી લઈ પીજી સુધી મફત શિક્ષણ
૭. દૂધ ઉત્પાદકોને પ્રતિ લિટર ૫ રુપિયાની સબસિડી, ગેસ સિલિન્ડર ૫૦૦ રુપિયામાં મળશે
૮. ભ્રષ્ટાચાર વિરુદ્ધ કાયદો લવાશે અને પાછલા ૨૭ વર્ષમાં થયેલા ભ્રષ્ટાચારની સ્ક્રૂટિની કરી દોષિતોને જેલભેગા કરાશે




# પેથાપુર ક્રોસિંગે ફાટક ખુલ્લુ રાખીને એન્જિન પસાર થયું..!!




ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના પેથાપુર માર્ગ પરના રેલવે ક્રોસિંગ ખાતે આજે સવારે ૮.૩૦ કલાકે એક ભયંકર બેદરકારીભરી ઘટના સર્જાઇ હતી. આ ઘટનામાં ક્રોસિંગે ફાટક ખુલ્લું રાખીને એન્જિન પસાર થયું હતું. સદભાગ્યે આ જોખમી ઘટનામાં કોઇ દુર્ઘટના થવા નહોતી પામી પરંતુ આવી બેદરકારી જીવલેણ અકસ્માત સર્જી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં થર્મલ પાવર સ્ટેશનમાંથી બહાર આવી રહેલી માલગાડી સાથે પેથાપુર ફાટક નજીક પાવર સ્ટેશનનો ખુલ્લો દરવાજો ફસાઈ જતાં તે તુટીને રોડ સુધી ઘસડાયો હોવાની ઘટના સર્જાઇ હતી અને આ ઘટનામાં એક સુરક્ષાકર્મી ઉપરાંત એક રીક્ષા ચાલકને ઈજા થઈ હતી. આજે ખુલ્લાં ફાટક સાથે પસાર થઇ રહેલાં એન્જિનને નિહાળીને આ માર્ગ પર થોભી ગયેલાં વાહનચાલકો સ્તબ્ધ બની જવા પામ્યાં હતાં.

### ગાંધીનગર ખાતે માહિતી ખાતાના કર્મયોગીઓ માટે

# ‘પોષણ અભિયાન’ અંગે કાર્યશાળા : તજજ્ઞો દ્વારા માર્ગદર્શન

## સરકારી પ્રયત્નોથી નાગરિકોના જીવનધોરણમાં આવેલા બદલાવને વધુ ઉજાગર કરવા જોઈએ: માહિતી નિયામક આર. કે. મહેતા

માહિતી ખાતાના કર્મયોગીઓને પ્રવર્તમાન યુગમાં આધુનિક ટેકનોલૉજીના ઉપયોગથી પ્રચાર-પ્રસારની પદ્ધતિઓથી વધુ માહિતગાર કરવા માટે ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે "કોમ્યુનિકેટ ટુ એડવોકેટ ઑન પોષણ અભિયાન" વિષયક એક દિવસીય તાલીમ-કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહેતાએ માહિતી ખાતાના કર્મયોગીઓને સંબોધતા જણાવ્યું હતું કે, માહિતી ખાતાની દરેક કચેરીઓમાં આજે તમામ પેઢીના અધિકારીઓ કર્મચારીઓ છે, જેની પાસે પ્રત્યાયનનો સારો એવો અનુભવ છે. મહેતાએ આ કાર્યશાળાના હેતુઓ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, રાજ્ય સરકારે જનકલ્યાણની વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓને નાગરિકો સુધી પહોંચાડવામાં માહિતી ખાતાની વિશેષ ભૂમિકા છે. રાજ્યની મહિલાઓ અને બાળકોના આરોગ્ય-પોષણની કાળજી લેવા માટે રાજ્ય સરકારે શરૂ કરેલી ’મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના’ જેવી મહત્વપૂર્ણ યોજના જનતા-જનાર્દન સુધી પહોંચે તે જરૂરી છે. ગર્ભધારણથી શરૂ કરી ૧, ૦૦૦ દિવસ સુધી માતા-બાળકના પોષણની દરકાર કરતી આ સરકારી યોજના વિશે સમાજમાં જાગૃતિ આવે તે જરૂરી છે. આ માટે માતા-બાળકના પોષણમાં સુધારો લાવવા, બાળ મૃત્યુદર અને માતા મૃત્યુ દરમાં ઘટાડો લાવવા તથા અપૂરતા મહિને જન્મ કે ઓછા વજનવાળા બાળકોના જન્મનો વ્યાપ ઘટાડવા માટે પોષણની ભૂમિકા સમજી પ્રત્યાયન કરવામાં આવે તો સમાજમાં હકારાત્મક પરિણામ આવી શકે. યુનિસેફના વડા પ્રશાંત દાસે પોષણ અભિયાન અંતર્ગત દર સપ્ટેમ્બરમાં યોજાતા ‘પોષણ માસ’ વિશે સંબોધનમાં જણાવ્યું હતું કે, હકારાત્મક સાફલ્યગાથાઓ સમુદાયોને વિશેષ પ્રેરણા પૂરી પાડે છે, આથી માહિતી ખાતાની ભૂમિકા વધી જાય છે. પોષણ અભિયાન અંતર્ગત સરકારની મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના સગર્ભા મહિલાઓ અને બાળકોનું સ્વસ્થ ભવિષ્ય સુનિશ્ચિત કરવામાં અગત્યની ભૂમિકા ભજવી રહી છે.



તાલીમના પ્રારંભમાં યુનિસેફના કોમ્યુનિકેશન તજજ્ઞ શ્રી મોરિયા દાવા દ્વારા તાલીમની રૂપરેખા આપી વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાની ભૂમિકા સહિત પ્રચાર-પ્રસિદ્ધિના વ્યાપક ઉપયોગ વિશે માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે તાલીમના અંતમાં પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું. તાલીમના અંતે ન્યૂઝ એન્ડ મીડિયા રીલેશન શાખાના નાયબ માહિતી નિયામક શ્રી જીગર ખુંટ દ્વારા આભારવિધિ કરાઈ હતી.

# શિક્ષણ જ સર્વે સમસ્યાનું સમાધાન છે: ભુપેન્દ્ર પટેલ

## ટેક્નોલોજી આધારિત મુલ્યાંકન કરનારૂં ગુજરાત એકમાત્ર રાજ્ય



ગાંધીનગર, તા.૫

દેશના શિક્ષકો માટે આદર અને સન્માનનો દિવસ એટલે શિક્ષક દિન. ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં દર વર્ષે ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આજે શિક્ષક દિન નિમિતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગરથી સંબોધન કરી સાંપ્રત સમયમાં શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

શિક્ષક દિન નિમિતે ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે શિક્ષણ જ સર્વે સમસ્યાનું સમાધાન છે. શિક્ષણના અભાવે અને અણસમજણના પાપે પ્રશ્નો ઉદભવે છે. જેથી જયા શિક્ષણનું પ્રમાણ વધારે છે ત્યાં કોઈ પ્રકારની સ્મસ્યા ઘર કરતી નથી તે વાતથી સૌ લોકો વાકેફ છે. વધુમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે ટેકનોલોજી આધારિત મુલ્યાંકન કરનારૂં ગુજરાત સમગ્ર દેશમાં એકમાત્ર રાજ્ય બન્યું છે અને આ નામાંકનના આધારે આજે શિક્ષણ પ્રત્યે દરેક લોકોની રૂચી વધી છે.

રાજ્ય શિક્ષણ વ્યવસ્થાએ વાલીઓના દિલ અને વિશ્વાસ બંને જીત્યા હોવાનું પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ. પહોંચ્યો હોવાનો પણ મુખ્યમંત્રીએ દાવો કર્યો હતો.

આ ઉપરાતં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં શિક્ષક દિવસ નિમિતે રાજ્યની રાજધાની ગાંધીનગર ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

### બોર્ડની દરખાસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે સલાહ આપી છે. વરસાદી દિવસોમાં કેનાલમાં પાણીનો સપ્લાય વધી જતા અંદરની માટી પણ પાણી સાથે ભળી જાય છે. જેના લીધે સપ્લાય થતુ પાણી ડહોળુ હોય છે. જો કે અગાઉ આ મામલે તંત્રએ પીવાના પાણીના નમુનાની સતત ચકાસણી કરવામાં આવતી હોવાનુ જણાંવ્યુ હતુ જયારે પાણીમાં જરૂરી મિનરલ્સની માત્રા સાથે ક્લોરિનેશન પણ જળવાઈ રહે તે માટે સતત ધ્યાન રાખવામાં આવે છે. પાણીના નમુનાનુ સરકારી લેબોરેટ્રીમાં તપાસ પણ કરવામાં આવે છે. છેલ્લા બે મહીનાથી પાણીમાં ડહોળાશ વધી જતા સેકટરોમાં સપ્લાય થતા પાણીને ચોખ્ખુ કરવામાં પણ સમય જાય છે. આ સ્થિતિ વચ્ચે ચોખ્ખુ પાણી સપ્લાય કરવાની ગતિવિધિમાં તંત્રએ ફોર્સ ઘટાડવાની પણ ફરજ પડે છે. જયારે સતત ડહોળા પાણીના લીધે સંપમાં પણ માટીના થર જામ્યા છે. આ માટે વોટર સપ્લાય બોર્ડ કક્ષાએથી સંપની સફાઈ માટે પણ સમય માંગવામાં આવ્યો છે. અલબત્ત પાણીના સંપની સફાઈ માટે બે દિવસ સટ ડાઉન આપવા માટે પણ કોર્પોરેશનને દરખાસ્ત કરવામાં આવી છે. જો કે આ મામલે હજુ સુધી સમય નક્કી કરવામાં આવ્યો નથી.

જયારે સટ ડાઉન આપવામાં આવે તો આ મામલે અગાઉથી સેકટરવાસીઓને જાણ પણ કરવામાં આવશે પરંતુ સંપની સફાઈના અંતે ડહોળા પાણીની સમસ્યા પણ પ્રમાણમાં હલ થશે. લાંબા સમયથી આવતા પાણીમાં માટીનુ પ્રમાણ વધુ રહેતા સંપમાં પણ માટી ભરાઈ ગઈ છે. જયારે આ અન્વયે યોગ્ય સફાઈ કરવામાં આવે તો પણ પાણીમાં ટર્બિલીટી ઘટે તેમ મનાઈ રહ્યુ છે.

### ટેટ-ટાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળવાની તક મળી નથી. અલબત ભરતી પ્રક્રીયાનો લાભ મળ્યો નથી. મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી સમક્ષ રજુઆતમાં યુવા ઉમેદવારોએ સરકારની આ નિતી સામે પ્રબળ રોષ વ્યકત કર્યો છે. આ સ્થિતિ વચ્ચે યુવાનો વય મર્યાદા વટાવી જતા તેમને ભરતી પ્રક્રીયાનો પણ લાભ મળે તેમ નથી. જેના લીધે તેમના પરિવારો પણ દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે.

જયારે આ સ્થિતિને ધ્યાનમાં રાખી પરીક્ષાની તારીખ નક્કી કરી વયમર્યાદામાં પણ જરૂરી છુટછાટ આપવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે. ગાંધીનગરમાં આજે રાજયના વિવિધ જિલ્લામાંથી આવેલા યુવાનો સચિવાલય સંકુલ પાસે એકત્રિત થયા હતા જયારે આ તબક્કે પોલીસ પહેરો પણ સ્થળ પર જોવા મળ્યો હતો. જયારે આ યુવાનોને સચિવાલય સંકુલથી નજીક પોલીસ વાનમાં બેસાડી સત્યાગ્રહ છાવણી ખાતે છોડી દેવામાં આવ્યા હતા.

### સાત શિક્ષકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કપરાકાળમાં શિક્ષકોએ પોતાની જવાબદારી પૂરી નિષ્ઠાથી બજાવી તે બદલ હું ગુજરાતના સર્વે ગુરૂજનોને વંદન કરું છું.

મંત્રીશ્રીના હસ્તે ગાંધીનગર જિલ્લાના ૭ શિક્ષકોનું પારિતોષિક- પ્રમાણપત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોને રૂ. ૧૫ હજાર અને પ્રમાણપત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં દહેગામની શ્રી વી.જે.દવે હાઈસ્કુલના માધ્યમિક શિક્ષક શ્રી નટવરભાઈ જોઈતાભાઈ ચૌધરી, કલોલની શેઠ કે.જી.એમ. ગર્લ્સ હાઈસ્કુલના ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક શ્રી મિતેશકુમાર બાબુલાલ જેઠવા, દહેગામના રામાજીના છાપરા પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષક શ્રી ધર્મેશકુમાર ડાહ્યાભાઈ ગજ્જર, કલોલની સાંતેજ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક શ્રી શ્વેતલબેન અમૃતલાલ પ્રજાપતિનું જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેશ મકવાણા, જિલ્લા પંચાયત, ગાંધીનગર પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, શ્રી વેદ સ્કુલના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ પટેલ અને મેનેજીંગ ડિરેકટર શ્રી બી.ડી.પટેલ સહિત આમંત્રિત શિક્ષકો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

### લિઝ ટ્રુસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકો પહેલાથી જ ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. લિઝ ટ્રૂસે અત્યાર સુધી ચૂંટણી પ્રચારમાં કોઈ ચોક્કસ જાહેરાત કરી નથી, જે યુકેના અર્થતંત્રને સંભાળવામાં મદદ કરશે. આવી સ્થિતિમાં તેમણે વડાપ્રધાન પદ પર બેસતાની સાથે જ આર્થિક મોરચે સૌથી મોટી સમસ્યાનો ઉકેલ શોધવો પડશે. લિઝ ટ્રુસને તેમની કન્ઝર્વેટિવ પાર્ટીને એક કરવાના પડકારનો સામનો કરવો પડે એમ છે, જે બે જૂથોમાં વહેંચાયેલી છે. પાર્ટીના સાંસદ ઋષિ સુનકના પક્ષમાં છે. જ્યારે, સભ્યો બ્રિટિશ રાષ્ટ્રવાદના મુદ્દે લિઝ ટ્રુસનું સમર્થન કરી રહ્યા છે. આવી સ્થિતિમાં લિઝ ટ્રુસ માટે બંને વચ્ચે તાલમેલ સર્જીને સરકાર ચલાવવી સરળ નથી. જોકે, ઋષિ સુનકે એક દિવસ પહેલા જ કહ્યું હતું કે તેઓ નવી સરકારને દરેક મોરચે સમર્થન આપશે. પરંતુ, પાર્ટીના બે જૂથો વચ્ચેની ખાઈ ઘણી વધી ગઈ છે.

### હોટેલમાં આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટના સ્થળે ફાયર બ્રિગેડની લગભગ ૨૦ ગાડીઓ પહોંચી છે. ફાયર બ્રિગેડના જવાનો બારીમાંથી હોટેલમાં ઘૂસીને લોકોને બહાર કાઢવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ફાયર બ્રિગેડના જવાનો આગ પર પણ કાબુ મેળવવાનો સતત પ્રયત્ન કરી રહ્યા છે. અત્યાર સુધીમાં ૭ લોકોને બહાર કાઢીને સારવાર અર્થે હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે.

હોટેલમાં ધુમાડાના ગોટેગોટા વચ્ચે ફાયર બ્રિગેડની ટીમ પોતાનું રેસ્ક્યુ ઓપરેશન ચલાવી રહી છે. ધુમાડાના કારણે ફાયર બ્રિગેડના લોકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હોટેલ લેવાના સ્યુટ્સમાં આગ લાગવાની સૂચના મળતા લખનૌના ડીએમ સહિત તંત્ર અને પોલીસના તમામ મોટા ઓફિસરો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે હોટેલમાં દરેક ફ્લોર પર ૩૦ રૂમ છે. ઘણા લોકોને હોટેલમાંથી રેસ્ક્યુ કરી લેવામાં આવ્યા છે પરંતુ હજુ પણ કેટલાક લોકો ફસાયેલા છે.

### રદ કરી નાખી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આશા હતી. જોકે ગવર્નર કોશ્યારી અને તત્કાલીન મહાવિકાસ અઘાડી સરકાર આમને-સામને હોવાના કારણે એમએલસી નિયુક્તિઓ અંગે નિર્ણય લેવામાં વિલંબ થયો હતો.

રાજ્ય મંત્રીમંડળના અનેક વરિષ્ઠ સદસ્યોએ નિયુક્તિ અંગેની જાહેરાત માટે કથિત રીતે રાજ્યપાલની મુલાકાત લીધી હતી. જોકે તેમ છતાં રાજભવન તરફથી કોઈ પ્રતિક્રિયા નહોતી મળી. બાદમાં બોમ્બે હાઈકોર્ટમાં એક જનહિતની અરજી દાખલ કરવામાં આવી હતી અને રાજ્યપાલ શક્ય તેટલી ઝડપથી પોતાનો નિર્ણય સંભળાવે તેવી માગણી કરવામાં આવી હતી. જોકે તે સમયે પણ રાજ્યપાલ કોશ્યારી પોતાના નિર્ણય મામલે અડગ રહ્યા હતા અને તેમણે એમવીએસરકાર દ્વારા મોકલવામાં આવેલા નામોને વિધાન પરિષદના સદસ્યો તરીકે નોમિનેટ નહોતા કર્યા.

### આક્ષેપ કર્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

થાય છે. આ નવી પોલિસીમાં છટકબારીઓ આપવામાં આવી છે જેમાં ૨૦ રૂ. માલ લઈને તમે જોઈએ તેટલામાં વેચી શકો છો. બસ અમારે ફિક્સ કરેલા પૈસા જોઈએ.

અમારી પાસેથી વર્ષે ૨૩૫ કરોડ આ રીતે લેવામાં આવે છે. સ્ટિંગમાં દારૂના વેપારી સન્ની મારવાહના પિતા કહે છે કે, આ આંકડો તો બહુ ઓછો છે. કેટલાક લોકો પાસેથી તો ૫૦૦-૫૦૦ કરોડ પણ લેવામાં આવ્યા હતા.

સ્ટિંગ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરીને બીજેપી એમપી મનોજ તિવારી અને સંબિત પાત્રાએ કહ્યું કે, દિલ્હીની આપ સરકાર ઉપરથી લઈને નીચે ભ્રષ્ટાચારમાં લોતપોત છે. દર ૧૨ કરોડ રૂપિયાના કમિશનમાંથી ૬ કરોડનું કાળું નાણું બનાવીને મનીષ સિસોદિયા અને અરવિંદ કેજરીવાલે આપવાનું છે તેમ સ્ટિંગમાં દારૂના વેપારી સન્ની મારવાહના પિતા કહી રહ્યાં છે તેમ ભાજપએ આક્ષેપ કર્યો હતો. ભાજપે સ્ટિંગમાં એક્સાઈઝ કૌભાંડના આરોપી નંબર ૧૩ લિકર કારોબારી મારવાહના પિતા ૧૨% કમિશન આપ્યું છે તેમ કહેતા નજરે ચઢ્યા છે.

# રાજ્યમાં રખડતાં ઢોરને કાબૂમાં લેવા હજુ કડક પગલાં લો : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૫

ઢોરનો ત્રાસ દૂર કરવા ગુજરાત હાઈકોર્ટે તંત્રને ૭ દિવસનો સમય આપ્યો હતો. આ ૭ દિવસનો સમય પૂર્ણ થતા આજે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. અગાઉ સુનાવણીમાં કોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી. તો સાથે જ ઢોરનો ત્રાસ દૂર કરવા કોર્ટે કેટલાક નિર્દેશ કર્યા હતા.

૭ દિવસ ૨૪ કલાક ઢોર પાર્ટીને કામગીરી કરવા સૂચના આપી હતી. ગત સુનાવણીમાં ઢોર પકડવા જતા કર્મચારીઓ પર થતા હુમલાથી રક્ષણ આપવા કડક કલમ હેઠળ કાર્યવાહી કરવા પોલીસને નિર્દેશ આપ્યા હતા. ત્યારે તંત્રએ આ સાત દિવસમાં શું કામગીરી કરી તે અંગે આજે સુનાવણી હાથ ધરાઈ હતી. એડવોકેટ્સ એસોસિએશન (પક્ષકાર) તરફથી કોર્ટને રજૂઆત કરાઈ હતી.

આજે હાઈકોર્ટે આજે પૂછ્યુ હતું કે, કોર્ટના આદેશ બાદ શું પરિસ્થિતિ છે? એડવોકેટ એસોસિયેશને સમસ્યા જેમની તેમ હોવાનું કોર્ટને જણાવ્યું હતું.